# અન્યોને મદદ કરવી
## ભલો સમરૂની અજાણ્યાની મદદ કરે છે

**પ્રાર્થના :** અમારા પિતા, જરૂરિયાતમંદ પડોશીઓને ઉપયોગી થવામાં સહાય કરો.

તમારા બાળકોની પશ્ચાદ્‌ભૂમિ અને સ્થાનિક રિવાજ પ્રમાણે પ્રવૃત્તિ પસંદ કરો લૂક ૧૦ :૨૫-૩૭માં જુઓ કે અજાણ્યા અને અણગમતા લોકો સાથે આપણે કેવો વ્યવહાર કરવો જોઈએ તે વિષે પ્રભુ શું ચાહે છે.

- વાર્તા કહો. **શિક્ષક કે મોટું બાળક** ભલા સમરુનીની વાર્તા કહે લૂક ૧૦ :૨૫-૩૭
- **સમજાવો** કે ઘાયલ થયેલો માણસ યહૂદી હતો અને તેના પ્રત્યે ખરેખરો પ્રેમ દર્શાવનાર માણસ સમરૂની હતો. બંને તદ્દન જુદી જાતિના હતા. યહૂદીઓ અને સમરૂનીઓ એક જ પ્રદેશમાં રહેતા હતા તો પણ પરસ્પર શત્રુઓ હતા.



- બાળકોને પૂછવાના પ્રશ્નો.

૧. સમરુનીના આવતા પહેલાં કેટલા લોકો ત્યાંથી પસાર થયા ?

૨. યાજક અને લેવી તો ઘાયલ માણસની પોતાની જાતિના જ લોકો હતા મદદ માટે નહિ થોભવા માટેનું કારણ તમે શું ધારો છો ?

૩. સમરૂનીઓની જાતિ જુદી હતી અને તેઓ ઘાયલ મનુષ્યની જાતિના દુશ્મન હતા ઘાયલ યહુદી વિષે સમરુનીના મનમાં શો વિચાર આવ્યો હતો ?

૪. સમરુનીએ તે માણસ માટે શું કર્યું ?

૫. આ વાર્તામાં કોના ઉદાહરણને અનુસરવાનું ઈસુ આપણને કહે છે ?

ભલા સમરુનીની વાર્તાનું **નાટક ભજવો.** પહેલા નાટકની તૈયારી કરો અને પછી તે ભજનના સમયે ભજવી બતાવો.

- નાટકમાં ભાગ લેતા બાળકોને પસંદ કરો મોટેરાંને મદદ કરવા કહો. ચોરો, ઘાયલ યહૂદી, યાજક અને લેવીને કોઈ સંવાદો બોલવાના નથી.
- તેમણે બોલ્યા વિના જ અભિનય કરવાનો છે.
- માત્ર અંત ભાગમાં જ સંવાદો આવશે અને તે પણ સમરુની અને ધર્મશાળાના માલિક વચ્ચે છે. તમે તેને પણ સંવાદો બોલવા ના પડે તેવું ગોઠવી શકો છો.
- જ્યારે સંવાદો વિનાનો અભિનય કરવાનો હોય ત્યારે અભિનય કરનાઓએ તેમના ચહેરા પર યોગ્ય ભાવ લાવવા જરૂરી છે.



- બે મોટા બાળકો કે પુખ્ત વ્યક્તિઓ ગધેડાનો પાઠ ભજવશે. જ્યારે તેઓ નમેલા હોય ત્યારે તેમની ઉપર ધાબળો ઢાંકો પાછળ બનાવટી પૂંછડી લગાવો અને પૂઠાં કે કાગળના લાંબા કાન બતાવો ગધેડાની જેમ બરાડો પણ ખરા
- મોટેરાંને કઈ વાર્તાનું નાટક થવાનું છે તે વિષે અગાઉથી કહેશો નહિ વાર્તા વિષે તેમને કલ્પના કરવા દો

જીવનના સુખ- દુઃખમાં આપણે એકબીજાના બોજ ઉઠાવવામાં કેવી રીતે મદદરૂપ થઈ શકીએ છે દર્શાવવા એક ગધેડાનું ચિત્ર દોરો.

**ગીત**

ગીતશાસ્ત્ર ૪૧ :૧-૩ની કલમો બાળકો મોઢે બોલે

ધન્ય ધન્ય એ જન, દીનજનો ની કરે જે સહાય

આશીર્વાદિત એ જન, નમ્રોની સદા લે સંભાળ....

સંકટના સમયો જો આવે, પ્રભુ તેને મુક્તિ અપાવે

સદા રહે તેની સાથે, પ્રભુનો હાથ સંભાળે,

ધન્ય ધન્ય એ જન,

તેની ભૂમિ આશીર્વાદિત થાશે, તે શત્રુ સદા શરમાશે,

માંદગીના બિછાને જો જાશે, આરોગ્ય પ્રભુથી પામશે,

ધન્ય ધન્ય એ જન,

**રજુઆત**



- મીણબત્તી સળગાવીને ટેબલ પર મૂકો.
- તેનો પર એક મોટું ખોખું કે ટોપલી ઢાંકી દો, જેથી અજવાળું દેખાય નહિ. જલ્દી સળગી જાય તેવી વસ્તુનો ઉપયોગ કરશો નહિ.
- માત્થી ૫ :૧૪-૧૬વાંચો અને ટોપલી / ખોખુ ઊઠાવી લો. કહો કે પ્રભુ પ્રત્યેનો સાચો પ્રેમ આપણને જરૂરિયાતવાળા લોકોની સેવા કરવા માટે પ્રેરણા આપે છે.

માત્થી ૫ :૧૬ **મુખપાઠ કરો.**

**પ્રાર્થના** :

પિતાજી, અમારી આસપાસના લોકોની જરૂરિયાતો સમજતા અમને શીખવો. અને તેમને જાણતા હોય કે ન જાણતા હોઈએ પણ તેમની મદદ કરવામાં અમારી સહાય કરો. અમે તેમને જરૂરી પ્રેમ દર્શાવી શકીએ. અમારા મિત્ર કે પરિવારના ન હોય , અરે અમારા શત્રુ હોય તોપણ તેમને પ્રેમ કરવાનું અમને શીખવો. ઈસુ પ્રભુના નામમાં, આમેન.

Copyright@2004 Paul - Timothy May be freely copied.
Download from www.paul-timothy.net